**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૫/૦૮/૨૦૧૭ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૫૮૭/૧૭**

**પ્રોહીબીશનના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ**

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ ફર્લો જમ્પ થયેલ આરોપીને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસઓ.જી. ના પો.સ.ઇ. શ્રી જે.કે.રાઠોડ તથા પોસઇ શ્રી એન.એન.રબારી નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી દરમ્યાન સાથેના એ.એસ.આઇ. નરેન્દ્રસિંહ વજેસિંહ તથા હે.કો.મયુરધ્વજસિંહ રાજેન્દ્રસિંહ નાઓની બાતમી આધારે રાણીપ જી.એસ.ટી.ફાટક આગળથી પપ્પુ સ/ઓ પુરાજી ઉર્ફે ભુરાજી મારવાડી ઉવ૩૩ ધંધોઃમજુરી રહે, મ.નં.૧૮/૫૫૨ દેવાવાસ ફ્લેટ નિર્ણયનગર વાડજ અમદાવાદ શહેરને ઝડપી લેવામાં આવેલ જેની પુછપરછ કરતાં પોતે વાડજ પો.સ્ટે.પ્રોફી.ગુ.ર.નં.૫૨૧૦/૨૦૧૭ પ્રોફી.એક્ટ કલમ ૬૬(બી),૬૫(ઇ),૮૧ મુજબના પ્રોહીબીશનના ગુનામાં નાસતો ફરતો હોય આરોપીને આજરોજ તા.૦૪/૦૮/૨૦૧૭ ના રોજ સીઆરપીસી કલમ ૪૧(૧) એ મુજબ પકડી અટક કરી આગળની વધું તપાસ અર્થે વાડજ પોલીસ સ્ટેશન તરફ મોકલી આપેલ છે. સદર આરોપી અગાઉ વાડજ પોલીસ સ્ટેશનમાં પ્રોહીબેશનના ગુનામાં પકડાયેલ છે અને પાસા પણ થયેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.